| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૦૪/૦૮/૨૦૦૭ | | |
| દાખલ તારીખ | ૦૪/૦૮/૨૦૦૭ | | |
| નિકાલ તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૮ | ૦૮ | ૧૧ |

**<u>રાણપુરના મહે. ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ.), તાલુકો–રાણપુર</u>**

**<u>જિલ્લો–બોટાદના ન્યાયાલયમાં</u>**

**<u>શ્રી એચ.એચ.પટેલ–ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)</u>**

**ફોજદારી કેસ નં.૧૮૭/૨૦૧૭**

**આંક:–**

**ફરિયાદી :– શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપી :– (૧) મેરાભાઇ વામાભાઇ ભરવાડ ઉ.વ.૬૮.(એબેટ)**

**(૨) દેવાભાઇ મેરાભાઇ ભરવાડ ઉ.વ.૩૩.**

રહે. બંને વેજળકા તા.રાણપુર જિ.બોટાદ.

**<u>ગુન્હો :– ઇ.પી.કો.કલમ–૪૨૦,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ૧૧૪ મુજબ...</u>**

**ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી એ. એસ. રાઠોડ**

**આરોપી તરફે વિદ્વાન વકિલ શ્રી એન. જી. વસોયા**

## -:<u>ચુકાદો</u>:-

**૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીના સસરાના નામે આવેલ વેજલકા ગામની સીમના સર્વે નંબર ૧/૧/૧ પૈકી ૪(ચાર) એકર જમીન જે મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ અમદાવાદની કોર્ટના સને-૨૦૦૫ ના હુકમના આધારે સદર જમીનમાં વેચાણ દસ્તાવેજ કરાવેલ તે અગાઉ વેચાણ આપનાર અવસાન પામતાં મૃત વ્યક્તિના નામે ખોટા દસ્તાવેજો ઉભા કરી તા.૨૩/૦૧/૨૦૦૬ પહેલા કોઈપણ વખતે સદર દસ્તાવેજો ખોટા હોવાનું જાણવા છતાં ખરા તરીકે ઉપયોગ કરી ફરિયાદી તથા સાહેદો સાથે ઠગાઇ કરી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ઇ.પી.કો.કલમ-૪૨૦,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર ૩૨/૨૦૦૬ થી જાહેર કરેલ છે. જેનો ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

**૨)** આ કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આંક-૯ થી તહોમતનામુ ઘડી આરોપીની પ્લી આંક-૧૦ થી આંક-૧૧ લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી હાજર થયા છે.

ત્યારબાદ આ ફોજદારી કેસના ચાલુ ટ્રાયલ દરમિયાન આરોપી નં.૧ મેરાભાઈ વામાભાઈનાઓ મરણ પામેલ હોય જે અંગેની આંક-૨૮/એ થી મરણનો દાખલો રજૂ કરતા આરોપી નં.૧ સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

૩) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજૂ કરેલ છે.

## –: મૌખિક પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી ગૌરીબેન કાળુભાઈ સાથળીયાની જુબાની | ૪૧ |
| ૨ | સાહેદ પિન્ટુબેન રામજીભાઈ મીઠાપરાની જુબાની | ૬૧ |
| ૩ | પંચ સાહેદ રમેશભાઈ વાલજીભાઈ મીઠાપરાની જુબાની | ૬૩ |
| ૪ | સાહેદ અનીતાબેન કાળુભાઈ મીઠાપરાની જુબાની | ૬૫ |
| ૫ | પંચ સાહેદ મોબુભાઈ હેમુભાઈ જીલીયાની જુબાની | ૬૮ |
| ૬ | ત.ક.અ.શ્રી હરીશચંદ્રસિંહ દિલીપસિંહ પરમારની જુબાની | ૭૩ |
| ૭ | ત.ક.અ.શ્રી નવલસિંહ નારુભા જાદવની જુબાની | ૭૫ |

## –:દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૪૨ |
| ૨ | ગામ નમુના નં.૮અ,૭–૧૨,ની નોંધની નકલો | ૪૩થી૪૭ |
| ૩ | ગામ નમુના નં.૬ની નોંધની નકલો | ૪૮થી૫૮ |
| ૪ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૬૪ |
| ૫ | અટકનું પંચનામુ | ૭૬ |

૪) આ કામે ઉપરોક્ત વિગતે ફરિયાદપક્ષ દ્વારા પોતાના કેસના સમર્થનમાં સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તથા પંચ સાહેદ ગગજીભાઈ નારણભાઈ સભાડ અને જયશ્રીબેન ડો/ઓફ કાળુભાઈ પણ મરણ ગયેલ હોય જે અંગે આંક–૭૦ થી ગગજીભાઈનો મરણનો દાખલો રજૂ કરતાં તેમજ પ્રકાશભાઈ ધીરુભાઈ સોલંકી મળી આવતાં નથી તેથી આ સાહેદોને તપાસવામાં આવેલ નથી.ત્યારબાદ આ કામે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોવાથી આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

૫) ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે તેમના વિદ્વાન વકિલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) આ કેસના નિકાલ સારૂ મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીના સસરાના નામે આવેલ વેજલકા ગામની સીમના સર્વે નંબર ૧/૧/૧ પૈકી ૪(ચાર) એકર જમીન જે મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ અમદાવાદની કોર્ટના સને-૨૦૦૫ ના હુકમના આધારે સદર જમીનમાં વેચાણ દસ્તાવેજ કરાવેલ તે અગાઉ વેચાણ આપનાર અવસાન પામતાં મૃત વ્યક્તિના નામે ખોટા દસ્તાવેજો ઉભા કરી તારીખ ૨૩/૦૧/૨૦૦૬ પહેલા કોઇપણ વખતે સદર દસ્તાવેજો ખોટા હોવાનું જાણવા છતાં ખરા તરીકે ઉપયોગ કરી ફરિયાદી તથા સાહેદો સાથે ઠગાઇ કરી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ઇ.પી.કો.કલમ-૪૨૦,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ૧૧૪ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

૭) મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

૮) મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

## –: નિર્ણય માટેના કારણો :–

**મુદ્દા નંબર ૧ અને ૨.**

૯) ફરિયાદપક્ષે આંક–૪૧ થી ફરિયાદી ગૌરીબેન કાળુભાઈ સાથળીયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, અમારી વેજળકા ગામે સરવે નં.૧/૧/૧ પૈકી ખેતીની જમીન આવેલી છે. જે પૈકી ૧૦ વીઘા જેટલી જમીન દેવાભાઈ મેરાભાઈ ભરવાડ રહે.વેજળકા વાળાએ મારા સાસુ ચંપાબેન સીદીભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલો. પરતું મારા સાસુ ચંપાબેન સીદીભાઈ તા.૧૧/૮/૨૦૦૦ ના રોજ મરણ ગયેલ હતા. આ દસ્તાવેજ મારા સાસુ મરણ ગયાના બે વર્ષ બાદ દેવાભાઈ મેરાભાઈએ કરાવેલો. ત્યારબાદ કલેકટર ઓફીસમાં આ અંગે ફરીયાદ કરેલી તેમજ પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ આપેલી. આ દસ્તાવેજ બાબતે પ્ર ાંત કચેરીમાં અપીલ કરતા અમારી તરફેણનો હુકમ થયેલો. ત્યારબાદ આ કલેકટરમાં અરજી જતા કલેકટર સાહેબે પણ અમારી તરફેણમાં હુકમ આપેલો. મને એક ફરીયાદ બતાવવામાં આવે છે તેમા મારા જમણા હાથના અંગુઠાનું નીશાન છે જે તે જ છે જેને આ કામે રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે.

આજરોજ હું આ જમીનના પેપર્સ લાવેલ છું. વેજલકા ગામે ખાતા નં.૧ ૫૫ ના ૮–અ ના કોમ્પ્યુટરાઈઝના ઉતારાની ઈ–સાઈન વાળી નકલે રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવે છે તથા ગામ નમુના નં.૭ સરવે નં. ૫૬૮ જેનો જુનો સરવે નં.૧/૧/૧ પૈકી ૧ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૪૪ આપવામાં આવે છે. તથા આ જ સર્વે નંબરના ગામ નમુના નં.૧૨ના ઉતારાની કોમ્ પ્યુટરાઈઝ ઈ–સાઈન વાળી નકલે રજુ દાખલ આંક–૪૫ આપવામાં આવે છે તથા આ જ સરવે નંબરની જમીનના હસ્તલિખિત ગામ નમુના નં.૭

ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ નકલને રજુ દાખલ આંક–૪૬ આપવામાં આવે છે તથા આ જ સરવે નંબરની જમીનના હસ્તલિખિત ગામ નમુના નં.૧૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ નકલને રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૩૩૩ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૪૮ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૩૫૫ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૬૦૫ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૦ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૬૬૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૧ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૬૯૧ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૨ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૮૦૮ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૩ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૮૧૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૪ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૮૪૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૫ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૮૭૩ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૬

આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં .૮૭૪, ૯૧૨, ૧૦૨૪ કુલ ૪ પેજના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આંક–૫૭ આપવામાં આવે છે. વેજળકા ગામના ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૧૬૫૪ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ ઉતારાની ઈ–સાઈન વાળી નકલને રજુ દાખલ આં ક–૫૮ આપવામાં આવે છે તેમજ આ કામના આરોપી નં.૨ દેવાભાઈ મેરાભાઈનાએ કરાવેલી રજી. દસ્તાવેજ કે જે ધંધુકા સબ–રજીસ્ટ્રાર ઓફીસમા નોંધણી થયેલ છે તે રજી. દસ્તાવેજ નં.૯૩૯/૨૦૦૨ તા.૨૫/૬/૨૦૦૨ ના દસ્તાવેજની ઝેરોક્ષ નકલને કે સબ–રજીસ્ટ્રારના સહી–સિકકાવાળી નકલને પુરવાર કરવાની શરતે ટેન્ટેટીવ આંક–૫૯ આપવામાં આવે છે. ઉપરોકત દસ્તાવેજ પૈકીના ૭–૧૨ અને હકકપત્રક પોલીસ ફરીયાદ સમયે પણ આપેલા. આરોપીઓને જોયેથી ઓળખી શકુ. આરોપી નં.૨ હાજર છે તે જ છે. આરોપી નં.૧ મરણ ગયેલ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષે વિદ્બાન વકિલશ્રી દ્બારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારા સસરાનું નામ સીદીભાઈ મોનાભાઈ છે. મારા સસરાને એક માત્ર સંતાન મારા પતિ હતા. વેજલકા ગામના સરવે નં.૧/૧/૧ વાળી જમીન મારા સસરાને સરકાર દવારા આપવામાં આવેલી. મારા સસરા કઈ સાલમાં ગુજરી ગયા તેની મને ખબર નથી. મને લખતા વાંચતા આવડતું નથી. એ વાત ખરી છે કે મારા સસરાને વારસદારમાં મારા પતિ કાળુભાઈ અને મારી સાસુ ચંપાબેન આવે છે. એ વાત ખરી નથી કે મારા પતિએ ઉપરોકત સર્વે નંબરવાળી જમીનમાંથી ભાગ ઉઠાવી લીધેલો તેમજ મારા પતિએ ઉપરોકત સર્વે નં બરવાળી જમીનમાથી હકક ઉઠાવી લીધેલ હોવાથી તે જમીનમાં મારા સાસુ

ચંપાબેનનું એકનું જ નામ ચાલતું હતું. એ વાત ખરી છે કે હું અને મારા પતિ કામ કરવા બહાર ગામ રહેતા હતા ત્યારે મારા સાસુ અને સસરા વેજલકા ગામે રહેતા હતા. એ વાત ખરી નથી કે ઉપરોકત સરવેનંબર વાળી જમીન મારા સાસુ સસરા મેરામભાઈ વામાભાઈને આપતા હતા તથા આ ઉપરોકત વેજલકા ગામના સરવે નંબરવાળી જમીન આશરે ૩૦ વર્ષ ઉપરાંતથી મેરામભાઈ વામાભાઈ વાવતા હતા તેમજ મારા સાસુ–સસરાની સારસંભાળ આ કામના આરોપી મેરામભાઈ વામાભાઈ રાખતા હતા. એ વાત ખરી નથી કે આ જમીન વાવવા માટે મારા સસરાએ આ કામના આરોપીને મુખ્ત્યારનામું પણ કરી આપેલું કે અમો ૨૦૦૪–૦૫ થી વેજલકા ગામે રહેવા આવેલા. એ વાત ખરી નથી કે આંક–૫૯ વાળો વેચાણ દસ્તાવેજ ચંપાબેન જાતે કરવા ગયેલા. સાહેદ જણાવે છે કે જે દીવસે વેચાણ દસ્તાવેજ થયેલો ચંપાબેન જીવતા હતા નહી. એ વાત ખરી નથી કે ચંપાબેન કયારે ગુજરી ગયેલા તેનો કોઈ આધાર અમોએ પોલીસવાળાને આપેલો નહી. એ વાત ખરી નથી કે મારા સાસુ ચંપાબેન તા.૧૧/૮/૨૦૦૦ ના રોજ મરણ પામેલાની હકીકત ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે દસ્તાવેજ અનુક્રમ નં .૯૩૯/૨૦૦૨ તા.૨૫/૬/૨૦૦૨ ના દસ્તાવેજની હકીકત હું ખોટી જણાવુ છું કે આંક–૪૩ થી ૫૯ વાળા એક પણ દસ્તાવેજો અમોએ પોલીસને તપાસ દરમયાન આપેલા નથી. એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમા આંક–૪૩ થી ૫૯ વાળા એક પણ દસ્તાવેજની હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે આ જમીન ચંપાબેને આ કામના આરોપીને વેચી દીધેલ હોય અને આ જમીન અમારે પચાવી પાડવી હોય જેથી મે આ ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટી ફરીયાદ દાખલ કરી તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.

૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૧ થી સાહેદ પીન્ટુબેન રામજીભાઇ મીઠાપરાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, મારા લગ્ન અમલપર ગામે રમેશભાઈ ઉર્ફે રામજીભાઈ વાલજીભાઈ મીઠાપરા સાથે વર્ષ–૨૦૦૫ મા લગ્ન થયેલા. આ કામના ફરીયાદી મારી માતા થાય છે. મારા પિતાજી કાળુભાઈ સિદીભાઈ સાથળીયાનું તા.૬/૧૦/૨૦૦૪ ના રોજ અમારા ગામ વેજળકાના ભરવાડો દવારા ખુન થયેલું અને જેનો કેસ થયેલો. મારા દાદી ચંપાબેન સિદીભાઈના નામે વેજળકા ગામે સરવે નં.૧/૧ પૈકી ૧ થી ખેતીની જમીન હતી. મારા દાદી તા.૧૧ /૮/૨૦૦૦ ના રોજ ગુજરી ગયેલ હોવા છતાં અમારા ગામના ભરવાડ દેવાભાઈ મેરાભાઈ તથા મકાભાઈ ઉર્ફે મેરાભાઈ વામાભાઈનાઓએ ખોટો દસ્તાવેજો કરી નાખેલા. આ દસ્તાવેજની મારા પિતાજીના ખુન થયા પહેલા કરી નાખેલો તેની ચોકકસ તારીખ યાદ નથી પરતું વર્ષ–૨૦૦૨ મા થયેલ હશે. આ બાબતે પોલીસે મારુ નીવેદન લીધેલું. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. આરોપીનં.૨ કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧ મરણ ગયેલ છે તેને પણ હું ઓળખું છું.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી ગૌરીબેન મારા માતા થાય છે અને કાળુભાઈ મારા પિતા થાય છે. મારો જન્મ ઉપલેટા ગામે થયેલો. એ વાત ખરી નથી કે મારો જન્મ ઉપલેટા થયો ત્યાથી મારા લગ્ન થયા ત્યા સુધી હુ ઉપલેટા મુકામે રહેતી હતી. એ વાત ખરી છે કે મારા માતા–પિતા મજુરી કામે ઉપલેટા ગયેલા હતા. *સાહેદ જણાવે છે કે આશરે એકાદ વર્ષ ઉપલેટા મુકામે રહેલા હશે.* એ વાત ખરી છે કે ચંપાબેન અને સિદીભાઈ વેજળકા ગામે રહેતા હતા. એ વાત ખરી નથી

કે મારા માતા–પિતાની દેખરેખ પણ દેવાભાઈ રાખતા હતા. એ વાત ખરી નથી કે સિદીભાઈની જમીન મેરાભાઈને વાવવા માટે આપેલી હતી. એ વાત ખરી છે કે કહેવાતો દસ્તાવેજ બન્યો ત્યારે હુ હાજર હતી નહી. એ વાત ખરી નથી કે આ કહેવાતો દસ્તાવેજ બન્યો ત્યારે ચંપાબેન જાતે હાજર રહેલા. એ વાત ખરી છે કે સિદીભાઈ ગુજરી ગયા બાદ ચંપાબેન અને કાળુભાઈના નામે જમીન આવેલી. એ વાત ખરી છે કે જમીનમાથી કાળુભાઈએ હકક ઉઠાવી લીધેલ હોય અને ચંપાબેનના એકલા નામે જમીન ચાલતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ કામના આરોપીઓએ પંચાયત કચેરીમા મારી હાજરીમા મારા પિતાજીને માર મારી જબરદસ્તીથી મારા પિતાની સહી લઈ તેમનો હકક ઉઠાવરાવી લીધેલ. મારા પિતાજીનો હકક કઈ તારીખ અને વર્ષે ઉઠાવરાવી લીધેલ તે હાલ ચોકકસ મને યાદ નથી. આ જબરજસ્તી હકક ઉઠરાવી લીધેલાની હકીકતની ફરીયાદ મારા પિતાએ કરેલ નહી પરતુ મારા માતાએ કરેલી. આ જબરજસ્તી હકક ઉઠરાવી લીધેલાની હકીકતની ફરીયાદ ચંપા બેને કે મારા માતા–પિતાએ ચંપાબેન વિરુધ્ધ કરેલ નહી. એ વાત ખરી નથી કે મારા દાદી તા.૧૧/૮/૨૦૦૦ ના રોજ ગુજરી ગયેલ હોવા છતા અમારા ગામના ભરવાડ દેવાભાઈ મેરાભાઈ તથા મકાભાઈ ઉર્ફે મેરાભાઈ વામાભાઈનાઓએ ખોટો દસ્તાવેજો કરી નાખેલાની હકીકત સરતપાસમાં ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે આ જમીન ચંપાબેને આ કામના આરોપીને વેચી દીધેલ હોય અને આ જમીન અમારે પચાવી પાડવી હોય જેથી આ ખોટા દસ્તાવેજો ઉભા કર્યાની ખોટી ફરીયાદ મારા માતાએ દાખલ કરેલ હોય તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.

૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૩ થી પંચ સાહેદ રમેશભાઈ

વાલજીભાઈ મીઠાપરાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, આશરે પંદરેક વર્ષ પહેલા પોલીસ વેજળકા ગામે આવેલી ત્યારે વેજળકાથી ચંદરવા ગામ તરફ જવાના રોડે ગૌરીબેનની વાડીમાં પોલીસે પંચનામુ કરેલુ ત્યારે હું હાજર હતો. જેનો સરવે નંબર મને ખબર નથી. પોલીસે આ જગ્યાનું પંચનામુ કરેલું. ત્યારબાદ મે મારા અંગુઠાનું નીશાન મારેલું અને મને એક પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે તેમા મારા અંગુઠાનું નીશાન છે જે હું ઓળખી બતાવું છું. બચાવપક્ષે ઝેરોક્ષ પંચનામાને આંકે આપવા સામે વાંધો ન હોય પંચનામાની નકલને રજુ દાખલ આંક–૬૪ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં અમોની સહી લીધેલ તેમજ પંચનામામાં શું લખેલ, તેની અમોને કશી ખબર નથી તથા પંચનામુ મે વાંચેલ નહી કે મને વાંચી સંભળાવેલ નહી.

**૧૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૫ થી સાહેદ અનિતાબેન કાળુભાઇ મીઠાપરાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, મારા લગ્ન ધંધુકા તાલુકાના બાજરડા ગામમાં રાજુભાઈ રાયસંગભાઈ સાથે ત્રીસેક વર્ષ પહેલા થયેલા હતાં અને અમો પરીવાર સાથે વેજળકા મુકામે રહીએ છીએ. આ કામની ફરીયાદ મારી માતા ગૌરીબેને આપેલી છે. મારા બાપુજી કાળુભાઈનું આ ફરીયાદ આપ્યાં પહેલા ખુન થયેલું અને તેમા ભરવાડ દેવાભાઈ મકા ગોરી એમ કુલ ૯ જણાના નામ આરોપી તરીકે ખુલવા પામેલા. અમારી વેજળકા ગામે આવેલી ખેતીની જમીન મારા દાદા સિદીભાઈના નામે ખેતીની જમીન આવેલી હતી અને આ ખેતીની જમીન ખોટો દસ્તાવેજ કરી મકાભાઈ વામાભાઈનાઓએ પોતાના

નામે કરી લીધેલી. જેથી અમોએ આ જમીન પાછી લેવા માટે કેસ કરેલો. જેથી આ જમીન અમોને પરત મળી ગયેલી. આ જમીનમાં વારસદારોમાં મારી માં તથા અમે ભાઈઓ–બહેનો છીએ. પોલીસે મારુ નીવેદન લીધેલ કે કેમ તે મને હાલ યાદ નથી. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. આરોપી નં.ર દેવાભાઈ મેરાભાઈ કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧ મરણ ગયેલ છે તેને પણ હું ઓળખુ છું.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી ગૌરીબેન મારા માતા થાય છે અને કાળુભાઈ મારા પિતા થાય છે. એ વાત ખરી છે કે મારા લગ્ન બાજરડા થયેલા છે. એ વાત ખરી નથી કે લગ્ન પછી અમો બાજરડા રહેતા હતા. સાહેદ જણાવે છે કે અમે પહેલેથી જ વેજળકા રહેતા હતા. એ વાત ખરી છે કે ચંપાબેન અને સિદીભાઈ વેજળકા ગામે રહેતા હતા. એ વાત ખરી નથી કે મારા માતા–પિતાની દેખરેખ પણ દેવાભાઈ રાખતાં હતાં કે સિદીભાઈની જમીન મેરાભાઈને વાવવા માટે આપેલી હતી. એ વાત ખરી છે કે કહેવાતો દસ્તાવેજ બન્યો ત્યારે હું હાજર હતી નહી. એ વાત ખરી નથી કે આ કહેવાતો દસ્તાવેજ બન્યો ત્યારે ચંપાબેન જાતે હાજર રહેલા. એ વાત ખરી છે કે સિદીભાઈ ગુજરી ગયા બાદ ચંપાબેન અને કાળુભાઈના નામે જમીન આવેલી. એ વાત ખરી નથી કે જમીનમાંથી કાળુભાઈએ હકક ઉઠાવી લીધેલ હોય અને ચંપાબેનના એકલા નામે જમીન ચાલતી હતી. મારા પિતાજીનો હકક કઈ તારીખ અને વર્ષે ઉઠાવરાવી લીધેલ તે હાલ ચોકકસ મને યાદ નથી. આ જબરજસ્તી હકક ઉઠરાવી લીધેલાની હકીકતની ફરીયાદ મારા પિતાએ કરેલ નહી પરંતુ મારા માતાએ કરેલી. આ જબરજસ્તી હકક ઉઠરાવી લીધેલાની હકીકતની ફરીયાદ મારા માતા–પિતાએ ચંપાબેન વિરુઘ્ધ કરેલ નહી. મારા દાદી

કયારે ગુજરી ગયેલા તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે મારા દાદી ગુજરી ગયેલ હોવા છતાં અમારા ગામના ભરવાડ દેવાભાઈ મેરાભાઈ તથા મકાભાઈ ઉર્ફે મેરાભાઈ વામાભાઈનાઓએ ખોટો દસ્તાવેજો કરી નાખેલાની હકીકત સરતપાસમાં ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે આ જમીન ચંપાબેને આ કામના આરોપીને વેચી દીધેલ હોય અને આ જમીન અમારે પચાવી પાડવી હોય જેથી આ ખોટા દસ્તાવેજો ઉભા કર્યાની ખોટી ફરીયાદ મારા માતાએ દાખલ કરેલ હોય તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી છે કે દેવાભાઈ મારા ગામના હોવાથી હું તેમને ઓળખુ છું.

**૧૩)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૬૮ થી પંચ સાહેદ મોબુભાઇ હેમુભાઇ જીલીયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, આશરે વીસેક વર્ષ પહેલા વેજળકા થી ચંદરવા ગામ તરફ જવાના રોડ પર નિકળેલ ત્યારે પોલીસવાળાએ મને સહી કરવાનું કહેતાં હું અભણ હોય મે મારા અંગુઠાનું નિશાન મારેલું. મને આંક-૬૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર ૨. તરીકે મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખી બતાવું છું. આ સીવાય હું કશું જાણતો નથી. ઉપરોક્ત સાહેદ હોસ્ટાઇલ થયેલ છે તેઓ વિ.એ.પી.પી. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે વેજળકા થી ચંદરવા જવાના રોડ ઉપર અઢી કિ.મી. દૂર ગવરીબેન કાળુભાઇના રહેણાંકના છાપરાવાળા ઘર પાસે પંચનામામાં સહી કરેલી તથા આ જગ્યાએ ગવરીબેન કાળુભાઇ હાજર હતાં. એ વાત ખરી નથી કે ગવરીબેન ચાલીને પોતાની જમીન સર્વે નંબર ૧/૧ ની જગ્યા પોતાના રહેણાંકના છાપરાથી પૂર્વે ખેતરથી એક ખેતર દૂર જણાવેલ. એ વાતની મને ખબર નથી કે, લંબચોરસ, ઉત્તર-દક્ષીણની જમીન આવેલ છે તેમજ આ જગ્યાએ શું-શું આવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા માટે સોગંદ પર ખોટી જુબાની આપું છું.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્ધાન વકિલશ્રી દ્ધારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારી તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી અને તેમાં શું લખેલું છે તેની મને ખબર નથી.

**૧૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૩ થી ત.ક.અ.શ્રી હરીશચંદ્રસિંહ દિલીપસિંહ પરમારને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, હું વર્ષ–૨૦૦૬ માં બરવાળા પોલીસ સ્ટેશનમાં મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન બરવાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૨/૨૦૦૬, તા.૧૦/૦૫/૨૦૦૬ ના રોજ ફરિયાદી ગૌરીબેન કાળુભાઇ દેવીપુજક રહે.વેજળકા, તા.રાણપુરવાળાની ફરિયાદ પી.એસ.ઓ. હર્ષદભાઇ વિરજીભાઇનાએ નોંધી લેતાં આ કામની તપાસ અમોને સોંપતા અમોએ સંભાળી લેતાં ફરિયાદીની ફરિયાદ હકિકત વંચાણે લઇ ફરિયાદીને તા.૧૧/૦૫/૨૦૦૬ ના રોજ વિશેષ નિવેદન લીધેલું તેમજ ફરિયાદને લગત પેપર્સ ફરિયાદી પાસેથી મેળવેલા તેમજ ફરિયાદીની દિકરી પીન્ટુબેન કાળુભાઇ, જયશ્રીબેન કાળુભાઇ તથા અનિતાબેન કાળુભાઇનું નિવેદન લીધેલું તેમજ બે પંચો રૂબરૂ વેજળકા ગામથી ગામ છોડી પશ્રીમે વેજળકાથી ચંદરવા તરફ જવાના રોડ પર અઢી કિ.મી. દૂર ફરિયાદી ગૌરીબેન કાળુભાઇના રહેવાના છાપરા તથા વાદગ્રસ્ત જમીનનું પંચનામું કરેલું. મને આંક–૬૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે તે પંચનામુ બે પંચો રૂબરૂ મારા રૂબરૂપણામાં કરવામાં આવેલ છે તે તે જ છે. ત્યારબાદ પોલીસ સ્ટેશનનાં થાણા અધિકારી હાજર થતાં પી.એસ.આઇ. એ.એન.જાદવને તપાસ સોંપી આપેલી. ફરિયાદ હકિકતવાળી વાદગ્રસ્ત જમીન વેજળકા ગામ બનાવ સમયે બરવાળા પોલીસ સ્ટેશનમાં આવતું હોવાથી આ કામનો ગુનો બરવાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્ધાન વકિલશ્રી દ્ધારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના ફરિયાદી કે સાહેદોએ ચંપાબેન સીદીભાઇ મરણ ગયેલ હોય તેનો મરણનો દાખલો આપેલ હોય તેવું બનેલ નહીં તેમજ મારી તપાસ દરમ્યાન ફરિયાદી કે સાહેદો પાસેથી

ફરિયાદમાં જણાવેલ વાદગ્રસ્ત જમીનનો કોઇ આધાર–પુરાવો મે આ કામે મેળવેલ નથી. એ વાત ખરી છે કે દસ્તાવેજ અનુક્રમ નંબર ૯૩૯/૨૦૦૨ વાળો દસ્તાવેજ મે મારી તપાસના કામ દરમ્યાન મેળવેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાનું પંચનામુ મે જાતે તૈયાર કરી લીધેલું તથા સાહેદોના નિવેદનો મે જાતે તૈયાર કરી લીધેલા તેમજ હું આ કામે તપાસ કરનાર અમલદાર હોય તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.

**૧૫)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૫ થી ત.ક.અ.શ્રી નવલસિંહ નારુભા જાદવને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, હું જ્યારે બરવાળા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ફ.ગુ.ર.ન.૩૨/૨૦૦૬ ના ગુનાના કામની તપાસ બરવાળા પોલીસ સ્ટેશનના અ.હે.કો. હરીશચંદ્રસિંહ દિલીપસિંહના પાસેથી અધુરી તપાસ અમોએ સંભાળી લીધેલી. તે તપાસના કામે ફરિયાદ તથા ફરિયાદીનું વિશેષ નિવેદન તથા સાહેદોના નિવેદનો વંચાણે લીધેલ ત્યારબાદ આ કામના આરોપી મેરાભાઇ વામાભાઇ ભરવાડ તથા દેવાભાઇ મેરાભાઇ ભરવાડ બંને રહે. વેજળકાવાળા એડી.સેશન્સ જજ ફાસ્ટ્રેક કોર્ટ અમદાવાદથી તા.૧૫/૦૬/૨૦૦૭ ના હુકમથી આગોતરા જામીન મંજુર થયેલ હોય આ બંને આરોપીઓને તા.૨૬/૦૭/૨૦૦૭ ના રોજ બે પંચો ગગજીભાઇ નારણભાઇ સભાડ તથા પ્રકાશભાઇ ધીરુભાઇ સોલંકીના રૂબરૂ શરીર સ્થિતિનું પંચનામુ કરી ધોરણસર અટક કરી, ચહેરા નિશાન તથા એરેસ્ટ મેમો ભરી જામીન મુક્ત કરેલ. મને આ પંચનામુ બતાવવામાં આવે છે તે બે પંચો રૂબરૂ મારા રૂબરૂપણામાં કરવામાં આવેલ છે તથા મારી સહી તથા હોદ્દો દર્શાવેલ છે જેને રજૂ દાખલ આંક–૭૬ આપવામાં આવે છે. આમ આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓને હું જોયેથી ઓળખી શકું. આરોપી નં.૧ એબેટેડ છે. આરોપી નં.૨ હાજર છે તે તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્ધાન વકિલશ્રી દ્ધારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામે મારા દ્ધારા એકપણ

સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી તથા આ કામના ફરિયાદી કે સાહેદોએ ચંપાબેન સીદીભાઈ મરણ ગયેલ હોય તેનો મરણનો દાખલો આપેલો હોય તેવું બનેલું નહીં તેમજ મારી તપાસ દરમ્યાન ફરિયાદી કે સાહેદો પાસેથી ફરિયાદમાં જણાવેલ વાદગ્રસ્ત જમીનનો કોઈ આધાર–પુરાવો મે આ કામે ચાર્જશીટ સાથે રજૂ કરેલ નહીં. એ વાત ખરી છે કે, અલમપુર ગામનો રેવન્યુ સર્વે નંબર ૧/૧/૧ પૈકીવાળી જમીનનો કોઈ આધાર–પુરાવો આ ચાર્જશીટના કામે રજૂ રાખેલો નહીં. એ વાત ખરી નથી કે હું આ કામે તપાસ કરનાર અમલદાર હોય તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.

**૧૬)** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપી સાથે ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ તથા ૧૧૪ મુજબની અગત્યની હકિકતો નિ:શંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ તથા ૧૧૪ ને વિસ્તૃત ચર્ચા કરી કલમો જોઈ અલગ–અલગ મુદ્દા પ્રમાણે જોવું જરૂરી જણાય આવે છે.

"**IPC Section 415 deals with Punishment for Criminal breach of trust which says that** Whoever, by deceiving any person, fraudulently or dishonestly induces the person so deceived to deliver any property to any person, or to consent that any person shall retain any property, or intentionally induces the person so deceived to do or omit to do anything which he would not do or omit if he were not so deceived, and which act or omission causes or is likely to cause damage or harm to that person in body, mind, reputation or property, is said to "cheat".

"**IPC Section 420 deals with Punishment for Criminal breach of trust which says that**

Whoever, Cheats and therby dishonestly induces the person deceived to deliver any property to any person, or to make, alter or destroy the whole or any part of a valuable security, or anything which is signed or sealed, and which is capable of being converted into a valuable security, shall be punished with imprisonment.

**કલમ :–૪૬૫ – ખોટા દસ્તાવેજ બનાવવાના ગુના માટે શિક્ષા :–**

જે કોઈ વ્યકિત ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો.કલમ–૪૬૮ : ઠગાઈ કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબત.**

જે કોઈ વ્યકિત, (કોઈ બનાવટી દસ્તાવેજનો અથવા ઈલેકટ્રોનિક રેકોર્ડનો ) ઠગાઈ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે એવા ઈરાદાથી એવા (ખોટા દસ્તાવેજ બનાવે ઈલેકટ્રોનિક દસ્તાવેજ બનાવે) તેને સાત વર્ષ સુધીના કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દં ડને પણ પાત્ર થશે.

**ઈ.પી.કો.કલમ–૪૭૧ : બનાવટી દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત.**

જે કોઈ વ્યકિત, (કોઈ બનાવટી દસ્તાવેજનો અથવા ઈલેકટ્રોનિક રેકોર્ડનો) બનાવટી હોવાનુ પોતે જાણતી હોય અથવા પોતાને તેમ

માનવાને કારણ હોય તેનો બદદાનતથી અથવા કપટપુર્વક ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે. તેણે પોતે તે (કોઈ બનાવટી દસ્તાવેજનો અથવા ઈલેકટ્રોનિક રેકર્ડનો) ખોટી બનાવટ કરવાનો ગુનો કર્યો હોય એમ ગણી તેને તે જ શિક્ષા કરવામા આવશે.

**૧૭)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીના સસરાના નામે આવેલ વેજલકા ગામની સીમના સર્વે નંબર ૧/૧/૧ પૈકી ૪(ચાર) એકર જમીન જે મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ અમદાવાદની કોર્ટના સને–૨૦૦૫ ના હુકમના આધારે સદર જમીનમાં વેચાણ દસ્તાવેજ કરાવેલ તે અગાઉ વેચાણ આપનાર અવસાન પામતાં મૃત વ્યક્તિના નામે ખોટા દસ્તાવેજો ઉભા કરી તા.૨૩/૦૧/૨૦૦૬ પહેલા કોઈપણ વખતે સદર દસ્તાવેજો ખોટા હોવાનું જાણવા છતાં ખરા તરીકે ઉપયોગ કરી ફરિયાદી તથા સાહેદો સાથે ઠગાઈ કરી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૨૦,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર ૩૨/૨૦૦૬ થી જાહેર કરેલ છે. જેનો ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

**૧૮)** ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો.ફરિયાદીએ તેની લીધેલી આંક–41 ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરિયાદીના સસરાના નામે આવેલ વેજલકા ગામની સીમના સર્વે નંબર ૧/૧/૧ પૈકી ૪(ચાર) એકર જમીન જે પૈકી 10 વીઘા જેટલી જમીનનો દેવાભાઈ મેરાભાઈ ભરવાડે ફરિયાદીના સાસુ ચંપાબેન સીદીભાઈ પાસેથી ચંપાબેન મરણ ગયેલ હોવા છતાં ખોટો દસ્તાવેજ કરાવેલ છે.જેથી કેસ મૂળ આરોપીએ ખોટો દસ્તાવેજ કરેલ છે તે બાબતેનો છે.

**૧૯)** ફરિયાદીએ તેની જુબાની દરમ્યાન દસ્તાવેજ ની જેરોકસ નકલ રજુ કરેલ જેને પુરવાર કરવાની શરતે ટેન્ટટીવ આંક–59 આપવામાં આવેલ.ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો ,આરોપીના એફ.એસ તથા દલીલો

થઈ ગયા બાદ ફરિયાદ પક્ષે દસ્તાવેજના ટેંટેટીવ આંક ને પાકો આંક આપવાની અરજી કરેલ જે અરજી ફરિયાદપક્ષનો પુરાવો અને એફ.એસ થઈ ગયા હોય બાદ કરેલ હોય જેથી તેને ડીસાઇડ ના કરીને તેનો ઉલ્લેખ ફાઈનલ હુકમમાં કરવાનો હુકમ કરેલ.કયો પુરાવો એડમીસીબલ ગણાય તેનો ઉલ્લેખ ભારતીય પુરાવા અધિનિયમમાં વિગતવાર કરેલ છે.નામદાર સુપ્રીમ કોર્ટે Tharammel Peethambaran v T. Ushakrishnan (SLP (C) NO.11868 OF 2024) ના ચુકાદામાં ઝેરોક્ષ નકલ ની કોર્ટ રૂબરૂ માન્યતા બાબતે નીચે મુજબ વિગતવાર જણાવેલ છે:

19. The crux of the matter depends on whether Exh. B-2 can be treated as documentary evidence warranting interpretation of the clauses and the alleged contradictions with Exh. A-3 and A-4. Exh. B-2 is a photocopy, or a mechanical copy, of the purported PoA. This, therefore, implies that Exh. B-2 is, at best, secondary evidence. Secondary evidence is evidence that proves the contents of an original document through a medium that is one step removed from the source. Section 63 of the Indian Evidence Act provides an exhaustive list of what constitutes secondary evidence. This includes certified copies, copies made from the original by mechanical processes ensuring accuracy, copies compared with such copies, counterparts of documents against parties who did not execute them, and oral accounts of the contents given by a person who has seen the document.

20. The broad parameters summarising the procedure to be followed for introducing secondary evidence are reiterated and read thus:

20.1 The fundamental principle of the Indian Evidence Act is that facts have to be established by primary evidence). Section 64 mandates that documents must be proved by primary evidence, which is considered the “best evidence”. Primary evidence is the rule, while secondary evidence is an exception admissible only in the absence of primary evidence. A party is generally required to produce the best evidence available; so long as the superior evidence (the original) is within a party’s possession or reach, they cannot introduce inferior proof (secondary evidence).

20.2. Before secondary evidence can be admitted, the party relying on it must lay a factual foundation. This involves two steps: First, the party must prove that the original document actually existed and was executed. Secondly, the party must establish valid reasons as to why the original cannot be furnished.

20.3. Secondary evidence is inadmissible until the non-production of the original is accounted for in a manner that brings the case within the specific exceptions provided in Section 65.12 If the original itself is found to be inadmissible through failure of the party who files it to prove it to be valid, the same party is not entitled to introduce secondary evidence of its contents.

20.4. Section 65 of the Evidence Act is exhaustive and states the specific circumstances under which secondary evidence is permissible. To introduce secondary evidence, a party must satisfy the conditions of one of the clauses (a) through (g) of Section 65.

20.5 Further, admitting a document as secondary evidence does not automatically prove its contents. The secondary evidence must be

authenticated by foundational evidence showing that the alleged copy is, in fact, a true copy of the original. For instance, if a party wishes to introduce a photostat copy, they must explain the circumstances under which the copy was prepared and who possessed the original at the time the photograph was taken.

20.6 Mere admission of a document or making it an exhibit does not dispense with the requirement of proving it in accordance with the law. The court has an obligation to examine the probative value of the document and decide the question of admissibility before making an endorsement on the secondary evidence. If the foundational facts, such as the loss of the original or the explanation for its non-production, are not established, the court cannot legally allow the party to adduce secondary evidence.

**૨૦)** આમ ઉપરોક્ત ચુકાદા મુજબ પક્ષકારે બેસ્ટ પુરાવો આપવાનો રહે છે. બેસ્ટ પુરાવો એટલે અસલ દસ્તાવેજ. ઉપરોક્ત ચુકાદા મુજબ પેહલા તો આવો અસલ દસ્તાવેજ અસ્તિત્વમાં છે તેવું સાબિત કરવું પડે અને અસલ દસ્તાવેજ અસ્તિત્વમાં છે તો કેમ કોર્ટ સમક્ષ લાવી શકેલ નથી તેવું સાબિત કરવું પડે. તે સાબિત કરે પછી જ પક્ષકર ગૌણ પુરાવો કોર્ટ સમક્ષ લાવી શકે. સદર કેસમાં અસલ દસ્તાવેજ અસ્તિત્વમાં છે અને અસલ દસ્તાવેજ કોર્ટ સમક્ષ કેમ લાવી શકેલ નથી તે બાબતે લેશમાત્ર પુરાવો રજૂ થયેલ નથી. ઉપરોક્ત ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ગૌણ પુરાવો પણ રજૂ કરવાથી તે સાબિત થઇ શકતો નથી. વધુમાં નામદાર કોર્ટે જણાવેલ છે કે પક્ષકારે ઝેરોક્ષ કોપી રજૂ કરવી હોય તો કયા સંજોગોમાં ઝેરોક્ષ કોપી લીધેલ અને જ્યારે ઝેરોક્ષ કોપી લીધેલ ત્યારે અસલ દસ્તાવેજ કોણાં પાસે હતો તેવું સાબિત કરવું પડે જે આ કામમાં ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ કોર્ટ રૂબરૂ એડમીસીબલ

નથી. આ કામના તપાસ કરનાર અમલદારે તેની લીધેલ ઊલટતપાસમાં કબૂલ રાખેલ છે કે તેને આ કામે કોઈ દસ્તાવેજ તપાસના કામે મેળવેલ નહિ. નોંધનીય છે કે સમગ્ર કેસ આરોપીએ ખોટો દસ્તાવેજ કરેલ બાબતનો છે અને તપાસ કરનાર અમલદારે આ દસ્તાવેજ કબ્જે કરેલ નથી તેવું જણાવેલ છે. જેથી જ્યારે ફરિયાદપક્ષે દસ્તાવેજ જ પુરવાર કરેલ નથી ત્યારે આરોપીએ ખોટો દસ્તાવેજ કરેલ છે તે પણ પુરવાર થતું નથી. જેથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી ઇ.પી.કો.ની કલમ– ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ ના એક પણ તત્વો પુરવાર થતા નથી તેવા સંજોગોમા ફરીયાદપક્ષ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ છે.

**૨૧)** ફરીયાદપક્ષની જવાબદારી છે કે, તેમણે આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલા આક્ષેપો સ્પષ્ટ રીતે અને આ અદાલત તેના ઉપર વિશ્વાસ કરી શકે તે રીતે પુરવાર કરવા જોઈએ, પણ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ રહેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ સમગ્ર પુરાવો જોતા તે ખામીયુકત, તૃટી યુકત અને શંકા પ્રેરે તેવો છે જેથી આ અદાલત આવા પુરાવા ઉપર વિશ્વાસ કરી શકે તેમ નથી અને આવા સંજોગોમાં લાભ હંમેશા આરોપીપક્ષે જાય છે.

**૨૨)** આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે અગત્યાના આક્ષેપોની મુળભુત હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી તે સંજોગોમાં માત્ર દસ્તાવેજ પુરાવો ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા અને કરવામાં આવેલ સમગ્ર ચર્ચાનુંસાર ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલા ન હોવાના કારણે મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા

આવે છે.

## <u>-: હુકમ :-</u>

**(૧)** આરોપી **(૨) દેવાભાઈ મેરાભાઈ ભરવાડ, ઉ.વ.૩૩,** રહે.વેજળકા, તા.રાણપુર, જી.બોટાદનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.**(૧) મેરાભાઈ વામાભાઈ ભરવાડ** નુ મરણનુ પ્રમાણપત્ર રજુ તથા આંક-૧ લગત હુકમ કરી આરોપી નં.૧ પુરતો કેસ એબેટથી ફેસલ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

**(૨)** એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂ.૫૦૦૦/- ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજ રોજ તા.૩૦ મી, માહે-સપ્ટેમ્બર, સને ૨૦૨૫ ના રોજ વાચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૯/૨૦૨૫ [ એચ. એચ. પટેલ]

સ્થળ : રાણપુર જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

રાણપુર

Code-GJ01722